Done -y કૂલ છાબ તા. 15/10/2021 જ નં. -03

BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા સત્તામંડળના ફૂલછાબને ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા બદલ શુભકામનાઓ

BAOU: જ્ઞાનનો દીપક સૌના જીવનમાં પ્રગટાવવાનો અવિરત

સંક્ષિપ્ત વિગતો

સ્થાપના : ગુજરાત રાજ્યની વિધાન સભામાં 'ગુજરાત એક્ટ નં. ૧૪' પસાર કરાવીને ૧ ઉમી એપ્રિલ, ૧૯૯૪ના રોજ આ યુનિવર્સિટીનો પાયો રોપાયો.
ગુજરાતની એક માત્ર અને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત યુનિવર્સિટી
: કુલ અભ્યાસકેન્દ્રો :
૨૫૪થી વધારે
કુલ પ્રાદેશિક કેન્દ્રો : ૦૯
: કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓ :
અંદાજિત ૮,૦૦,૦૦૦ થી વધારે
છેલ્લાં ત્રણ વર્ષથી અભ્યાસરત
: વિદ્યાર્થીઓ :
૩,૮૭,૪૯૯
: કુલ અભ્યાસક્રમો :
૮૦થી વધારે.
સર્ટિફિકેટ, ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, સ્નાતક પછીના ડિપ્લોમા તથા પીએચ.ડી.

ગુજરાત સરકાર દ્વારા ઈ.સ. ૧૯૯૪માં વાવેલું બીજ તેની ૨૭ વર્ષની ફળદાયી યાત્રામાં લીલુંછમ્મ 'જ્ઞાનરૂપી વટવૃક્ષ' બની ગયું છે. ગુજરાત રાજ્યની આ એકમાત્ર ઓપન યુનિવર્સિટી - ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), અમદાવાદ શહેરમાં અત્યાધુનિક 'જ્યોતિર્મય પરિસર'માં કાર્યરત છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ છેલ્લાં અઢી વર્ષોમાં કુલપતિશ્રી પ્રો.ડૉ. અમી ઉપાધ્યાયના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અનેક પહેલ અને પરિયોજનાઓ હાથ ધરી છે, જેનાથી વિદ્યાર્થીઓ માટેની સુવિધાઓ અને સંસાધનોમાં વધારો નોંધાયો છે. યુનિવર્સિટીએ વિવિધ શૈક્ષણિક, સામાજિક અને વહીવટી ક્ષેત્રમાં અનેક લક્ષ્યો હાંસલ કર્યાં છે અને સિદ્ધિઓ મેળવી છે. યુનિવર્સિટીએ વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન હાંસલ કરેલી સિદ્ધિઓની ઝલક મેળવીએ:

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણમાં અગ્રેસર:

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'નવા ભારત'ના વિઝનને સાકાર કરવા સક્ષમ એવી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને આવકારવાથી લઈને તેના ઝડપી અમલીકરણ બાબતે BAOU પહેલેથી અગ્રેસર રહી છે. NEP-૨૦૨૦ માટે એક વર્ષમાં ૧૦થી વધારે રાષ્ટ્રીય સ્તરના વેબિનારનું આયોજન કરવા ઉપરાંત દેશની યુનિવર્સિટીઓના કુલપતિઓનું રાષ્ટ્રીય સંમેલન યોજ્યું હતું, જેમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીએ NEP ટાસ્ક ફોર્સ અને પોલિસી એડવાઈઝરી કમિટીની પણ રચના કરી છે. NEP-૨૦૨૦ના અમલીકરણની દિશામાં ઓન ડિમાંડ એક્ઝામ, આખું વર્ષ પ્રવેશ, ક્રેડિટ ટ્રાન્સફર, લેટરલ એન્ટ્રી, ફ્લેક્સી એક્ઝિટ, ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ, પાઠ્યક્રમમાં નહિ, અભ્યાસક્રમમાં પ્રવેશ, ભાષા પસંદગીની સ્વતંત્રતા તથા નવા અભ્યાસક્રમોના પ્રારંભ જેવાં પગલાં ભર્યાં છે.

બે વર્ષમાં દસ નવા અભ્યાસક્રમો:

યુનિવર્સિટીએ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર નવા અભ્યાસક્રમો શરૂ કરવાને અગ્રતા આપી છે. છેલ્લાં ૨ વર્ષમાં ૩+૭ = કુલ ૧૦ નવા અભ્યાસક્રમોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવા અભ્યાસક્રમોમાં પીજી ડિપ્લોમા ઈન કમ્પ્યૂટર એપ્લિકેશન, બીએસસી (ઓનર્સ) ઈન આઈટી, બીએ ઈન સોશિયલ વર્ક, માસ્ટર ઑફ કોમર્સ, એમએ ઈન જર્નલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન, એમએસસી ઈન આઈટી, એમએસસી ઈન સાયબર સિક્યુરિટી, માસ્ટર ઈન સોશિયલ વર્ક, માસ્ટર્સ ઈન લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેન સાયન્સ, સર્ટિફિકેટ ઈન ઈન્ડિયન પોએટિક્સ વગેરે સામેલ છે.

કોવિડ-૧૯ મહામારીમાં માનવતાપૂર્ણ નિર્ણયો:

કોવિડ-૧૯ મહામારીને કારણે મૃત્યુ પામેલા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ફી પરત કરવા ઉપરાંત તેના પરિવારને રૂ. ૧૧,૦૦૦ની આર્થિક સહાય કરવાનો નિર્ણય લેવાયો. કોરોના મહામારીમાં માતા-પિતા ગુમાવનારા કે પરિવારમાંથી કમાનારી વ્યક્તિ ગુમાવનારા પરિવારના સભ્યોને આ વર્ષે નિઃશુલ્ક ભણાવવામાં આવશે.

એસસી, એસ.ટી અને વિચરતી જનજાતિ સેલ:

યુનિવર્સિટીએ એસસી-એસટીના વિદ્યાર્થીઓ માટે એક વિશિષ્ટ સંશોધન કેન્દ્ર સ્થાપ્યું છે, જ્યાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ સેન્ટર પણ એસસી-એસટી સમુદાયો પર સંશોધનકાર્યોને પ્રોત્સાહન આપવા માટે એસસી-એસટી વિદ્યાર્થીઓને સ્પેશિયલ રિસર્ચ ગ્રાન્ટ ફાળવે છે.

ગાર્ગી – સેન્ટર ફોર ધ હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઑફ વિમેન:

ગાર્ગી એ મહિલાઓના સર્વાંગી વિકાસ માટેનું કેન્દ્ર છે, જે મહિલાઓના અભ્યાસ, કૌશલ્ય, વિસ્તરણ, રોજગાર અને શ્રેષ્ઠતા માટે સ્થાપવામાં આવ્યું છે. સેક્સ-વર્કર્સ, દિવ્યાંગ, વિધવા, આદિજાતિ, ગ્રામીણ અને શહેરી વગેરે વિવિધ સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતી તમામ વયની સ્ત્રીઓ માટે આ કેન્દ્ર કાર્યરત છે. ગાર્ગી દ્વારા મહિલાલક્ષી સંશોધનોને પ્રોત્સાહન આપવા માટે સ્પેશિયલ રિસર્ચ ગ્રાન્ટ પૂરી પાડવામાં આવે છે.

અત્રિ - સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર:

આ સેન્ટર ટ્રાન્સજેન્ડર્સ, એઈડ્સ/એચઆઈવી પોઝિટિવ વ્યક્તિઓ, દિવ્યાંગો, જેલના કેદીઓ અને અન્ય વંચિત સમુદાયો માટે કાર્યરત છે. અત્રિ અંતર્ગત હાલમાં ૨૩ ટ્રાન્સજેન્ડર્સ અભ્યાસ કરી રહ્યા છે તો રાજ્યભરની ૧૩ જેલોના આશરે ૬૦૦ કેદીઓ BAOUમાં અભ્યાસ કરી રહ્યા છે. ૪ એચઆઈવી પોઝિટિવ તથા ૬ શ્રવણમંદ સહિતના દિવ્યાંગો અભ્યાસ કરી રહ્યા છે. આ કેન્દ્ર શહીદ વીરવધુઓ અને તેમનાં સંતાનોને વિનામૂલ્યે શિક્ષણ પૂરું પાડવા પણ પ્રતિબદ્ધ છે.

ગુરુકુળ મૉડલ લર્નર સપોર્ટ સેન્ટર:

યુનિવર્સિટીએ પોતાના પરિસરમાં ગુરુકુળ- મૉડલ લર્નર્સ સપોર્ટ સેન્ટરની રચના કરી છે, જે વિદ્યાર્થીઓને માર્ગદર્શન-પરામર્શન ઉપરાંત અનેક સુવિધાઓ-સેવાઓ પૂરી પાડે છે.

અભ્યાસ-સામગ્રીમાં આત્મનિર્ભરતા:

યુનિવર્સિટીની સ્થાપના પછી ૨૭ વર્ષમાં પહેલી વાર અભ્યાસ સામગ્રીમાં સુધારા કરવામાં આવ્યા અને અન્ય સંસ્થાની અભ્યાસ સામગ્રીને બદલે પોતાની રીતે અભ્યાસ સામગ્રી તૈયાર કરાવવામાં આવી. અનેક અભ્યાસક્રમોમાં સમયાનુસાર ફેરફારો કરાયા અને અભ્યાસ સામગ્રીમાં પણ બદલાવ કરવામાં આવ્યા.

પ્રાદેશિક કેન્દ્રોની સ્થાપના:

ભારતરત્ન ડૉ. બાબાસાહેબના છેવાડેના લોકો સુધી શિક્ષણ પહોંચાડવાના સ્વપ્નને સાકાર ક ગુજરાતભરમાં છ પ્રાદેશિક કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવાયો, જેમાંથી પાટણ, રાજકોટ ખાતે પ્રાદેશિક કેન્દ્રો કાર્યરત છે, જ્યારે ભાવનગર અને છોટા ઉદેપુર ખાતે સરકાર દ્વારા જ થઈ રહી છે અને મકાન બાંધકામ બાદ પ્રાદેશિક કેન્દ્રોની કામગીરી વહેલીતકે શરૂ કરાશે. પર યુનિવર્સિટીની પ્રવેશ, પરામર્શન અને પરીક્ષા જેવી કામગીરી કરવામાં આવી રહી છે.

'તેજતૃષા' ટેલેન્ટ હંટ:

દેશની એવી સૌ પ્રથમ ઓપન યુનિવર્સિટી છે, જેણે પોતાના તમામ વિદ્યાર્થીઓ માટે ટેલેન પ્રારંભ કર્યો છે. દર વર્ષે યોજાતી તેજતૃષા ટેલેન્ટ હંટમાં યુનિવર્સિટીના તમામ વયજૂથના સ્પર્ધાઓમાં ભાગ લઈને પોતાની પ્રતિભાની અભિવ્યક્તિ કરે છે.

'એકલવ્ય' – સ્ટુડન્ટ સપોર્ટ પોર્ટલ:

યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે જરૂરી જાણકારી મેળવવા અને ડાઉનલોડ કરવાના વન-સ્ટ પોર્ટલ શરૂ કર્યું છે.

દ્રોણાચાર્ય – ઈનોવેશન, સ્ટાર્ટઅપ અને આંત્રપ્રેન્યોરશિપ સેન્ટર:

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી અંતર્ગત વિદ્યાર્થીઓ ઈનોવેશન અંગે જાગૃત કરવા તેમજ ગ્રાન્ટ પૂરી પાડીને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટ સ્થાપના કરવામાં આવી છે.

AIUના વાર્ષિક સંમેલનની યજમાની:

એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ દ્વારા આયોજિત સમગ્ર દેશના કુલપતિ યજમાની કરીને ઑલ ઈન્ડિયા વાઈસ ચાન્સેલર્સ મીટની યજમાની કરનાર દેશની યુનિવર્સિટી બની. આ ઓનલાઈન સંમેલનના ઉદ્ઘાટન સમારંભમાં માનનીય વડાપ્રધા મોદીએ સંબોધન કર્યું હતું.

મહિલા સરપંચોનું સંમેલન:

યુનિવર્સિટી દ્વારા શિક્ષણ, સમાજ, સામર્થ્ય, સમન્વયની થીમ પર મહિલા સરપંચોનું રાજ યોજવામાં આવ્યું હતું. આ સફળ આયોજન બદલ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભા શુભેચ્છા-પત્ર પણ પાઠવવામાં આવ્યો હતો.

સળંગ બે ઈ-કોન્વોકેશન્સ:

કોવિડ-૧૯ની મહામારી વચ્ચે BAOUએ પોતાનો પાંચમો અને છઠ્ઠો એમ સળંગ બે પદ ઓનલાઈન યોજીને અનેક યુનિવર્સિટીઓને નવો માર્ગ ચીંધ્યો છે, જેની રાજ્યન મુખ્યમંત્રીશ્રી તથા શિક્ષણમંત્રીશ્રી દ્વારા સગર્વ નોંધ લેવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર પ્રભાવક ઉપસ્થિતિ:

વિદ્યાર્થીઓની સરળતા અને ઉપલબ્ધતા માટે યુનિવર્સિટીએ ફેસબુક, ટ્વિટર, ઈન્સ ટેલિગ્રામ, વોટ્સએપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની પ્રભાવી ઉપસ્થિતિ ઊભ

ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ:

નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના નિર્દેશ અનુસાર ભારતીય અને પ્રાદેશિક સંસ્કૃતિ અંગેના નેચરોપથી, સ્પોકન સંસ્કૃત, ઈન્ડિયન પોએટિક્સ, ગુજરાતમાં પંચાયતી રાજ જેવા વિષ અને ડિપ્લોમાના અભ્યાસક્રમો શરૂ કરાયા.

મહિલા કુલપતિઓની ઑલ ઈન્ડિયા રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ:

ભારતભરની યુનિવર્સિટીઓની મહિલા કુલપતિઓની રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ BAOU ૨૦૨૧ના રોજ યોજાઈ હતી.

સામાજિક જવાબદારીમાં અગ્રેસર:

યુનિવર્સિટીએ પોતાની સામાજિક જવાબદારી નિભાવવા માટે આસપાસનાં છારોડી, દંતા એમ ત્રણ ગામ દત્તક લીધાં છે. આ ગામોમાં જાગૃતિ અને સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ ક યુનિવર્સિટી પોતાનાં પ્રાદેશિક કેન્દ્રોની આસપાસનાં ગામો પણ દત્તક લઈને ગ્રામવિકાસલ માગે છે.

www.baou.edu.in | info@baou.edu.in | BAOUGujarat | "Jyotirmay" Parisar, Dr. BAOU Marg, S.G. Highway, Chharodi, Ahmedal